સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

સમદર્શી નથી સરકાર, સમાજો સાચવે છે,
સમૂહને નહીં માત્ર મત-વિસ્તાર સાચવે છે.
સાચવે 'પક્ષ'ના સભ્યો, બાકી ઓરમાતું વર્તન
ગ્રાંટ ના ટૂકડા નાખી, માત્ર આબરૂ સાચવે છે...
(સરકારશ્રીનું સંકુચિત વલણ)

હાઈકુ

રહે ન છાનું
પાપ પોકારે સદા -
છાપરે ચઢી...

કપાયું કાયું
આવડત વગર -
બફાઈ જાય!

(મંત્રી રમણ પાટકરનું કબૂલાતનામું)

ચિંતન

યસ્ય ચિત્તં દ્રવીભૂતં કૃપયા સર્વજન્તુષુ ।
તસ્ય જ્ઞાનેન મોક્ષેણ કિં જટાભસ્મલેપનૈઃ ॥

ઉપરોક્ત શ્લોક જ્ઞાન સંહિતામાંથી લેવામાં આવેલ છે.

જેનું મન પ્રાણી માત્ર પર દયાથી પિગળી જાય છે, તેને જ્ઞાન મોક્ષની પ્રાપ્તિ તથા જટા ધારણ અને શરીર પર ભસ્મ લગાડવાની શું આવશ્યકતા છે?

અર્થાત્ જે વ્યક્તિના મનમાં પ્રાણીઓના કષ્ટોને જોઈને દયાભાવ આવે છે, તેને જ્ઞાન અને મોક્ષની પ્રાપ્તિ કરવા માટે તપની આવશ્યકતા નથી.

સુવિચાર

- દુનિયા અપૂર્ણ છે એટલે જ આગળ વધી રહી છે,
  જો દુનિયા પૂર્ણ થઈ જાય તો કયારનીય ખતમ થઈ ગઈ હોત - **ઓશો**
- સાધુની આંખો કોરી હોય તો સમજવું તે ખોટનો સોદો છે - **જનકલ્યાણ**
- મૃત્યુ પછી જીવન છે એ પ્રશ્ન મહત્ત્વનો નથી પણ મહત્ત્વનું એ છે કે
  તમે મૃત્યુ પહેલા જીવિત છો?? - **સંત રોબિન**
- તમે કેવા છો? તે તમે બીજાને આધારે નક્કી કર્યું છે.
  આ બીજા ખૂદ જાણતા નથી કે પોતે કોણ અને કેવા છે - **ફ્રેડરિક નિત્શે**
- ભૂલ થાય એટલે વાર કરો પણ એકની એક ભૂલ બીજીવાર ન કરો,
  તો તમે પ્રગતિનાં પંથે હશો - **એસ. ભટ્ટાચાર્ય**
- જીવનમાં તમારે હસવું જ હોય તો તમને તમારા દુઃખ સાથે રમતા આવડવું જોઈએ. - **ફ્રેડરિક નિત્શે**
- આજનું ઔષધ : અડધો તોલો મીઠું ગરમ પાણીમાં પીવાથી ઊલટી થઈ ઝેર બહાર નીકળી જાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક દિવસે ધનુષ્ય અને બાણ વચ્ચે ઝઘડો થયો. ધનુષ્ય કહે : મારા સહાય વગર તારું કોઈ ઝોર ના ચાલે, મારા વડે જ તારી શક્તિ કામ કરે છે.

તીરે જવાબ આપ્યો : મારા કામને કારણે જ તને મનુષ્ય સાચવે છે, મારા વગર તો તું વાંકી એક લાકડી જ ગણાય અને મામુલી દોરી જ ગણાય!

આ સાંભળી મનુષ્ય અભિમાનપૂર્વક બોલ્યો : ઓ મૂર્ખાઓ, હું તમને બંનેને ના પકડું તો તમે શા કામના? મારી બુદ્ધિ અને શક્તિ વગર તમે સાવ નક્કામા જ ગણાવ.

ત્રણેયનો વિવાદ સાંભળી આકાશવાણી થઈ.... 'હે મૂર્ખાઓ, તમે વ્યર્થ વાદ-વિવાદ કરો છો. તમારા ત્રણેયમાં અલગ અલગ શક્તિ ભગવાને ભરી છે. પરંતુ ત્રણેયની શક્તિ ભેગી મળશે તો જ કાર્ય સફળ થશે. ત્રણમાંથી એક ખસી જાય અથવા નબળું પડશે તો શું થાય એનો વિચાર કર્યો છે? તમે અહંકાર કરનારા છો કોણ? તમારું સર્જન કરનાર તો ઉપરવાળો ભગવાન છે.'

આકાશવાણી સાંભળી ધનુષ્ય, તીર અને મનુષ્ય ચૂપ થઈ ગયા. સાર એટલો જ કે પોતાની શક્તિ માટે અહંકાર કરવો તે મૂર્ખામી છે.

રાષ્ટ્ર નરેન્દ્ર મોદીને યાદ રાખશે

તંત્રીસ્થાનેથી...

બે દિવસના ગૃહરાજય નિવાસ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કેટકેટલા કાર્યક્રમો સંપન્ન કર્યા! શરૂઆત એ પોતે જેને પોતાના ઘડવૈયા ગણે છે અને જેમના અનુગામી તરીકે એમને ગુજરાતના કર્ણધાર તરીકે જવાબદારી સંભાળી હતી તેવા સ્વ. કેશુભાઈ પટેલને શ્રદ્ધાંજલિ અર્પીને કરી. વળી ગુજરાતની કલાકાર બંધુબેલડી મહેશ-નરેશને પણ એમના નિવાશસ્થાને જઈને અંજલી આપી આવ્યા. એ પછીના એમના પૂર્વ નિર્ધારિત કાર્યક્રમો અગાઉથી સુવિદિત હતા. કેવડિયા કોલોની ખાતે વિશ્વને ચકિત કરી દે એવા કેટલા ઉપક્રમોનું લોકાર્પણ કરીને એમને ગુજરાત હવે વિશ્વનું પ્રવાસન હબ બનવાની પ્રબળ ક્ષમતા ધરાવે છે એની પ્રતીતિ કરાવી દીધી. સરદાર પટેલને રાષ્ટ્રનાયક તરીકે પ્રસ્થાપિત કરીને એમને ઈતિહાસને નવો વળાંક આપ્યો છે. સ્વામી સચ્ચિદાનંદે નર્મદા આંદોલન પ્રસંગે અને એ પછી વારંવાર સરદાર પટેલ વિશે ટકોરાબંધ નિવેદનો કરીને એમને વિશ્વકક્ષાનાના લોકનાયક ગણાવ્યા હતા. મોદીને અને એમના પણ પહેલાં ચીમનભાઈ પટેલને એમને સરદાર પટેલને થયેલ અન્યાય સંદર્ભે ચેતવ્યા હતા. સરદાર સરોવર નર્મદા ડેમ પાસે સરદારની વિશાળ પ્રતિમા સ્થાપિત કરવી જોઈએ એવો વિચાર પણ આ લોકસંતે જ રમતો મૂકેલો. નરેન્દ્ર મોદીએ સ્વામીના વિચારને વધાવી લીધો અને હંમેશાં કશુંક યાદગાર અને ક્રાંતિકારી કાર્ય કરવાની મનોવૃત્તિ મુજબ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્થાપિત કરવાનો ઐતિહાસિક સંકલ્પ સાકર કરીને જંપ્યા. એક રીતે આ વિશ્વની મહાસત્તા અમેરિકા સામેની સ્પર્ધા હતી. સ્ટેચ્યુ ઓફ લિબર્ટી સામે સ્ટેચ્યુ ઓફ યુનિટી! સરદાર પટેલને આડકતરી રીતે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી કરતાં પણ મૂઠી ઊંચેરાં સિદ્ધ કરી પરંપરાગત ગાંધી-નહેરુ બ્રાન્ડ કોંગ્રેસ સામે મૂકી દઈ ભારતીય જનતા પાર્ટીએ ભારે રાજકીય ચાતુર્ય દર્શાવ્યું છે. પાર્ટી પાસે એવા મોટા કદના નેતાઓ તો હતા નહીં. એટલે ગાંધી-નહેરુ દ્વારા ઉપેક્ષિત ત્રણ નેતાઓ - સરદાર, સુભાષચંદ્ર બોઝ અને ડૉ. બાબાસાહેબ આંબેડકરને પાર્ટીએ વારંવાર પોતાના રાજકીય ઉત્કર્ષ માટે બુદ્ધિપૂર્વક યોજી દીધા અને પ્રજામાનસને કોંગ્રેસ વિરુદ્ધ કરવામાં અણધારી સફળતા પણ મેળવી. નરેન્દ્ર મોદી પાર્ટીના આ ઉત્કર્ષનું એવરેસ્ટ છે. વાજપેયી ફક્ત શ્રેષ્ઠ નેતા હતા, ઉદાત્ત મહાપુરુષ હતા. મોદી શ્રેષ્ઠ રાજકારણી છે, જે માત્ર અને માત્ર પરિણામમાં માને છે. એમને કેટલાક એવા નિર્ણયો લીધા જે લોખંડી પુરુષ ગણાતા સરદાર પણ ન લઈ શક્યા હોત. એમને જમ્મુ અને કાશ્મીર સંદર્ભે જે નિર્ણય લીધો તે સરદાર કયારેય ન લઈ શક્યા હોય કારણ કે બંધારણની કલમ ૩૭૦ એમની નજર સામે આલેખાઈ હતી. રાજારજવાડાંનાં સાલિયાણાં સરદાર પટેલની સંમતિથી નક્કી કરાયા હતા એટલે ઈંદિરા ગાંધીએ જયારે એ નાબૂદ કરવાનો નિર્ણય કર્યો ત્યારે સરદારના પ્રિય શિષ્ય રહેલા મોરારજી દેસાઈએ એનો વિરોધ કર્યો હતો. મોદીએ ધાર્મિક સ્વાતંત્ર્યના નામે ચાલતી ટ્રિપલ તલાક જેવી ક્રૂર અને અન્યાયકારી પ્રથાને એક ઝાટકે નાબૂદ કરીને નેતા પાસે સંકલ્પશક્તિ હોય તો એ શું કરી શકે એનો દાખલો બેસાડ્યો છે. રામમંદિર અંગેનો નિર્ણય પણ ભલે અદાલતના ચુકાદાથી લેવાયો હોય છતાં મોદીના પ્રચંડ રાજકીય પ્રભાવનું જ પરિણામ છે. ચીન સામે અમેરિકા અને ભારતનું સંવનન બીજા કોઈ વડાપ્રધાન માટે લગભગ અસંભવિત બની રહ્યું હોત. એક પ્રચંડ મનોબળ ધરાવતા રાષ્ટ્રીય નેતા તરીકે સરદાર પછી, એમની અનેક માનવસહજ મર્યાદાઓ છતાં મોદીને રાષ્ટ્ર અને ઈતિહાસ યાદ કરશે એમાં શંકાને સ્થાન નથી.

લોખંડી આગળ પાખંડી પાણી ભરતા હોય છે!

આરપાર
રાઘવજી માધડ

એકવાર કોઈ અકળ કારણોસર સૃષ્ટિના સર્જનકર્તા દેવાધિદેવે સ્વપ્રમાં પ્રસન્ન થઈને કહ્યું: 'વત્સ! તું માંગેતે હું આપવા તૈયાર છું !'સામે દંડવત પ્રણામ કરીને કહ્યું:'પ્રભુ,માંગણી એટલી જ છે,મારા આ મહાન દેશને જ્ઞાતિવાદથી મુક્ત કરો !' ત્યાં તેઓ: 'બીજું કાંઇક માંગ..!' કહી એકદમ અદ્રશ્ય થઇ ગયા !

આજે આપણા દેશભક્તો, દેશનેતાઓ, મહાપુરુષોને વર્ગ,જ્ઞાતિ,ધર્મ અને વાડાઓમાં વિભાજિત કરી વટાવવા ને પોતાનામાં ખપાવવાનો ખેલ ખેલાઈ રહ્યો છે.આઝાદીના દાયકાઓ બાદ પણ જ્ઞાતિવાદ અટક વાના બદલે વકરતો જાય છે.જ્ઞાતિ,પેટાજ્ઞાતિને પ્રદેશવાદ વધતા...જાણે ભારતીયહોવાનું ભૂલાઈ જાયછે !

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઇની આજે જન્મજયંતી છે અને દેશના પ્રથમ મહિલા વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીની પુણ્યતિથી છે.આ તકે વલ્લભભાઇ અને ઈન્દિરાજીની હિંમત, નિર્ભયતા, સાહસિકતા, નિર્ણયશક્તિ અને વિચક્ષણ બુદ્ધિશક્તિની સમાનતાને શતશત વંદન કરવા ઘટે. પૂર્વ ને પશ્ચિમ પાકિસ્તાનને તોડી પાડવાના અદ્વિતીયકાર્ય માટે અટલબિહારી બાજપાઈએતે સમયે ઈન્દિરાજીને દુર્ગાસ્વરૂપ કહી નવાજ્યાં હતાં એ પણ ભૂલવા જેવું નથી.ગાંધીજીએ સરદારના એક અત્યંત છૂપા સ્વરૂપને છતું કરતાં જણાવ્યું હતું કે,'સરદારની શૂરવીરતા,જ્વલંત દેશદાઝ અને અનંત ધૈર્યના ગુણોથીતો હું અજાણ ન હતો પણ તેમણે મને જે પ્રેમથી તરબોળ કર્યો છેતેવા માતૃપ્રેમ જેવા ગુણ માટે સદાય ઋણી છું. મને તેમની લાગ ણીઓમાં માતાનું સ્મરણ થઇ આવતું.માતા જ દર્શાવી શકે તેવા ગુણોનું મને સરદારે દર્શન કરાવ્યું.' દાંડી કૂચ દરમ્યાન લોખંડી મનોબળવાળા સરદારના ઉદ્ગારો જોઇએતો- ''હવે એક ધર્મયુદ્ધ ખેલવાનું છે જે દુનિયા એ પહેલા ક્યારેય નહીં જોયું હોય.બધાં ગુજરાતીઓને ટકોરા મારીને કહી દઉં કે મુત્યુનો ભય હોયતે જાત્રાએ જતા રહે.પૈસા હોયતે પાલવેતો દેશ પલાયન થાય.શરમાવું પડે તેવું કોઈ કામ સાચો ગુજરાતી નહીં કરે. ગુજરાતી પ્રજા સ્વતંત્રતાના ઇતિહાસમાં પહેલું પાનું લખીને મહાયુદ્ધના મંડાણ કરશે. પ્રભુ સૌનું કલ્યાણ કરે. ઈશ્વર સૌને સહાય કરે.' સરદાર અને એમના દીકરા ડાહ્યાભાઈ વચ્ચેનો પ્રસંગ છે-ડાહ્યાભાઈ મુંબઈમાં મરીન ડ્રાઈવ વિસ્તારની મેઘદૂત ઈમારતમાં રહેતાં હતા.સરદાર મુંબઈમાં આવે ત્યારે તેમના ઘરે ઊતરે.ડાહ્યાભાઈ પાસે એક કાર હતી.પરંતુ એક વખત ડાહ્યાભાઈને ત્યાં બે કાર જોઈ.સરદારે પૂછ્યું: 'ડાહ્યા,તારી પાસેતો એક મોટર હતી,આ બીજી ક્યાંથી આવી?' ડાહ્યાભાઈએ જવાબ આપતા કહ્યું હતું:'એતો બિરલા શેઠે મને ભેટ આપી છે.' શેઠ તને શું કામ મોટર ભેટ આપે? તું ભલે સમજતો ન હોય,પણ હુંતો એમાંથી ઘણું બધું સમજી શકું છું.હવે જોતું વેપારી લોકોની ભેટો લે તો, હું તારે ત્યાં રહી ન શકું.'એ છેલ્લો દિવસ સરદારે એકના એક દીકરાને ત્યાં ગાળ્યો.ત્યાર પછી સરદાર કયારેય દીકરા ઘેર ઊતર્યા નહોતા.આ હતી સરદારની ખુમારી, ખાનદાની અને ઈમાનદારી ! અગ્નિના એક તણખામાં જગત આખાને સળગાવી દેવાની તાકાત હોય છે.

ગુજરાત બહુરત્ના વસુંધરા છે.અનેક નર-નારીરત્નોની વિવિધ ક્ષેત્રોમાં દેશ-દુનિયાને આગવી ને અનોખી ભેટ ધરી છે.તેનું સૌ ગુર્જરવાસીઓને ગૌરવ હોય તે સ્વાભાવિક છે.પણ જયારે તેઓને કોઈ જ્ઞાતિના કુંડાળામાં કેદ કરી દેવામાં આવે ત્યારે મહામાનવ, વિરાટ વ્યક્તિત્વ, વિશ્વવંદનીય વિભૂતિઓને જાણે-અજાણ્યે પણ આપણે ઉચિત કરતા નથી. રાષ્ટ્રના સર્વસપૂતને આપણે સૌ જ્ઞાતિ-જાતિઓના વિવિધ વાડામાંથી બહાર આવી એકને નેક થઇ, એક ગુર્જરજન તરીકે વંદન કરીએ અને તેઓના વિચારોને અનુસરીએ તેમાં જ સાચી શ્રદ્ધાંજલિ સમાયેલી છે !

છેલ્લે :

જેમના પર વિશ્વાસ હોય તેમના પર શંકા ન કરવી અને શંકા હોય તેમના પર વિશ્વાસ ન કરવો !

સાહિત્ય અકાદમીની સ્વાયત્તતા શા માટે જરૂરી છે ? આવો સમજીએ

મોરપીંછના રંગ
ડૉ. કનૈયાલાલ ભટ્ટ

ગુજરાત સાહિત્ય અકાદમી ગુજરાતી ભાષા અને સાહિત્ય ક્ષેત્રની એક અગ્રગણ્ય સંસ્થા છે. આ સંસ્થામાં મેં વર્ષ ૨૦૧૦થી ૨૦૧૬ સુધી છ વર્ષ પ્રકાશન અધિકારીના પદ પર કામ કર્યું છે. વર્ષ ૨૦૧૫માં સરકાર દ્વારા જ્યારે શ્રી ભાગ્યેશ જહાને અકાદમીના અધ્યક્ષ તરીકે નિમવામાં આવ્યા ત્યારથી સ્વાયત્તતાનો મુદ્દો ફરી સક્રિય થયો હતો. અગાઉ આ અકાદમીના કોઈ અધ્યક્ષ નહોતા. મહામાત્ર શ્રી હર્ષદ ત્રિવેદી સાહિત્યના મર્મી અને પોતે સર્જક હોવાથી અકાદમીની તમામ યોજનાઓ, શબ્દસૃષ્ટિનું સંપાદન વગેરે સક્ષ્મતા અને સાહિત્યિક ગુણવત્તાના ધોરણે કરી રહ્યા હતા. શ્રી ભાગ્યેશ જહા સરકારમાં સચિવ તરીકે નિવૃત થતા તેમને અકાદમીના અધ્યક્ષ તરીકે નિયૂક્ત કર્યા અને શ્રી હર્ષદ ત્રિવેદીએ અકાદમીમાંથી રાજીનામુ આપી સ્વૈચ્છિક નિવૃત્તિ જાહેર કરી. અને અહીંથી અકાદમીની સ્વાયત્તતાની ચળવળ પણ ગતિશીલ બની. સરકારશ્રીમાં રજુઆતો થતી ગઈ, અનેક નામી સાહિત્યકારોએ અકાદમીનો બહિષ્કાર કર્યો. એની પ્રવૃત્તિઓનો બહિષ્કાર કર્યો. અનેક ઉત્તમ પુસ્તકોના પ્રકાશનો, સંપાદનો અટક્યા. શબ્દસૃષ્ટિમાં સારી કૃતિઓ આવતી અટકી અને તેનું સાહિત્યિક ધોરણ એકદમ નીચા સ્તરે આવી ગયું. શ્રી હર્ષદ ત્રિવેદીએ શબ્દસૃષ્ટિને જે સાહિત્યિક ઊંચાઈ આપેલી, એક ગરિમા આપેલી તે ધીમે ધીમે ઓછી થવા લાગી. બે બિન સાહિત્યિક મહામાત્રો શ્રી ચેતન શુકલ અને શ્રી મનોજ ઓઝાના કાર્યકાળમાં આ સંસ્થા ધીમે ધીમે સરકારી બની રહી હતી. હું અકાદમીમાં હતો. શ્રી ભાગ્યેશ જહાની અધ્યક્ષતામાં અમે અનેક સાહિત્યિક કાર્યક્રમો અને કવિસંમેલનો કરીને અકાદમીની પ્રતિષ્ઠાને જાળવવાનો અને વધારવાનો ભગીરથ પ્રયાસ કરેલો. પરંતુ ૨૦૧૬માં મેં પણ અકાદમીનો ત્યાગ કરેલો.

મારા આ છ વર્ષના અકાદમી કાર્યકાળમાં અને વર્ષ ૨૦૧૪થી આજસુધી સાહિત્ય પરિષદ સાથે મધ્યસ્થમાં ચૂંટાઈને કામ કરતા બન્ને સંસ્થાને મેં નજીકથી ઓળખી છે. પરિષદ તો ગુજરાતી ભાષા અને સાહિત્યની શિરમોર સંસ્થા છે. એની એક ગરિમા છે. જે સંસ્થામાં ગાંધીજી જેવી વિશ્વસ્વીકૃત વ્યક્તિ અધ્યક્ષ (૧૯૩૬) હોય એ સંસ્થાનું સાહિત્યિક અને સામાજિક મૂલ્ય સમજી શકાય છે. હવે વાત આવે છે અકાદમીની સ્વાયત્તતાની. આમ તો આ મુદ્દો શ્રી ઉમાશંકર જોશી અને નારાયણભાઈ દ્વારા પણ ઉઠાવાયો છે. સરકારે અકાદમીને સ્વાયત્ત ઘોષિત તો કરી જ છે. અને એક વખત એના પદાધિકારીઓની ચૂંટણી પણ યોજાયેલી. પરંતુ એ બહુ લાંબું ચાલેલું નહીં. અને ત્યાર પછીની સરકાર, મંત્રીશ્રીઓ, સચિવશ્રીઓ અને વિવિધ મહામાત્રો... કોઈએ આ મુદ્દાને મહત્વ આપ્યું નહીં. અને આ સમસ્યા છેક ૨૦૧૫ સુધી ધીમે પગલે ચાલી આવી. અહીંથી સમગ્ર સાહિત્યિક ક્ષેત્રમાં બે જૂથ પડી ગયા. અકાદમી જૂથ અને પરિષદ જૂથ. અખબારો પણ આ સંદર્ભે અવાર નવાર સાહિત્યકારોની મજાક ઉડાવતા રહ્યા છે. સરકારે પણ છેલ્લા પાંચ વર્ષથી આ સ્વાયત્તતા અભિયાનની કોઈ નોંધ લીધી નથી. કારણ સરકારને મન અકાદમી એક સરકારી વિભાગ જ છે. અને જે કોઈ આ વિભાગના મંત્રી આવે છે તે બિનસાહિત્યિક હોવાથી તેમને અકાદમીના સાચા કાર્યો, યોજનાઓ કે ઉદેશ્યોની કોઈ સાચી સમજ આપતું નથી. તેથી સ્વાયત્તતાનો મુદ્દો તેમની સમજ સુધી પહોંચતો જ નથી. અને પહોંચે છે તો સરકારી કાર્ય પ્રણાલી મુજબ મંત્રીશ્રીના કાર્યાલયમાંથી જવાબ મંગાવાય છે. અને અકાદમી પોતાની રીતે એનો જવાબ આપીને કાર્યને સંપન્ન કરે છે. અથવા વિશેષ રીતે મંત્રીને રૂબરૂ મળીને પણ સમજાવી દેવામાં આવે છે. આ કારણે શક્ય છે કે આજસુધી આ વાત સાચી રીતે મુખ્યમંત્રી કે મોદીજી સુધી યોગ્ય રીતે પહોંચી જ નથી.

હવે મહત્વની વાત એ છે કે અકાદમીની સ્વાયત્તતા શા માટે જરૂરી છે ? મોટાભાગની પ્રજા અને સાહિત્યિક ભાવકો આ બાબતે કદાચ સરકારશ્રીની જેમ અજાણ હશે. સત્ય એ છે કે સાહિત્ય અકાદમી એક સાથે છ ભાષા (ગુજરાતી, હિંદી, સંસ્કૃત, ઉર્દુ, સિંધી અને કચ્છી) નું સાહિત્યિક પ્રતિનિધિત્વ કરે છે. છ એ છ ભાષાની અકાદમીઓ ચાલે છે અને છ એ છ ભાષાના, સાહિત્યના વિકાસ માટેની યોજનાઓ ચાલે છે. આ અકાદમીઓનું કામ છે કે રાજ્યની આ દરેક ભાષાના પ્રતિભાશાળી, વરિષ્ઠ અને નવોદિત સર્જકોના સર્જનને પ્રકાશિત કરે, પ્રોત્સાહિત કરે, પુરસ્કૃત કરે. અકાદામીની આ છ એ છ ભાષામાં અનેક યોજનાઓ છે. સાહિત્યના તમામ સ્વરૂપોની વિવિધ યોજનાઓ છે. હવે આ યોજનાઓને કાર્યાન્વિત કોણ કરી શકે ? બેશક સાહિત્યકારો જ આ કાર્ય સારી રીતે પૂર્ણ કરી શકે. જ્યારે આવી યોજનાઓ સરકારી અધિકારીઓ કે બિન સાહિત્યિક પદાધિકારીઓની દેખરેખ હેઠળ થાય ત્યારે સાહિત્યિક મૂલ્ય એક બાજુ રહી જાય છે અને ન થવાના કાર્યો થવા લાગે છે. જ્યારે સરકારી નિવૃત અધિકારી મનોજ ઓઝા મહામાત્ર હતા ત્યારે અકાદમીએ શ્રી રઘુવીર ચૌધરીને " જયંતી દલાલનું સમગ્ર સાહિત્ય "નું સંપાદન સોંપેલું. તેમણે આ કાર્ય સંપન્ન કરીને અકાદમીને સોંપેલું અને અકાદમીએ પ્રેસમાં આપેલું. ફાઈનલ પ્રૂફ જોવાઈ ગયેલું. અને છેલ્લે પ્રેસવાળા ટાઈટલ બનાવી મહામાત્રશ્રીને બતાવવા આવેલા. જયંતી દલાલનું સાહિત્ય હોવાથી સાહજિક છે કે ટાઈટલ ઉપર તેમની તસવીર મુકાય. અને પ્રેસવાળાએ એ મુજબ કરીને મહામાત્ર મનોજ ઓઝાને ટાઈટલ બતાવી છપાવવા માટે ફાઈનલ પણ કરી દીધેલું. પછી એ મંજુર થયેલું ટાઈટલ મારી પાસે આવ્યું. મેં જોયું તો ચારેય ભાગના ગ્રંથો ઉપર જયંતી દલાલનો ફોટો હતો પણ જેમનું સમગ્ર સાહિત્ય છપાતું હતું એ જયંતી દલાલ નહોતા. ફોટામાં અત્યારના મુંબઈમાં રહેતા હમણા બે ત્રણ દિવસ પહેલા જ જેમનું અવસાન થયું તે સર્જક જયંતી દલાલ હતા. મેં તરત મહામાત્રશ્રીને સાચા જયંતી દલાલની ઓળખ આપી ટાઈટલ સુધાર્યા. હવે જો હું ત્યા ના હોત અને આ ચારેય ગ્રંથો છપાઈને પ્રકાશિત થઈ ગયા હોત તો ? અકાદમી અને સરકારશ્રીની શી વલે થાત ? મૃત સર્જકોને, વિદ્વાનોને પરામર્શન માટે મોકલવામાં આવતી અનેક હસ્તપ્રતો મેં અટકાવી હતી એ સમયે. શક્ય છે કે આજે પણ આવા અનેક છબરડાઓ અકાદમીમાં થતા હશે. મોટેભાગે યોજનાઓમાં, પ્રકાશનમાં અને પુરસ્કારોમાં પ્રશ્નો થાય છે. અહીં બધો જ સ્ટાફ તદ્દન બિન સાહિત્યિક છે. જેમને સાહિત્ય સાથે કોઈ લેવાદેવા નથી એવા લોકો સાહિત્યની યોજનાઓ સંભાળે છે. જેમને સાહિત્યના સ્વરૂપોની સહેજેય જાણકારી નથી એવા લોકો પુરસ્કારો માટે આવેલ પુસ્તકોનું સ્વરૂપ પ્રમાણે વર્ગીકરણ કરે છે. પરિણામે ઘણા સર્જકોના પુસ્તકો અન્ય સ્વરૂપોના વિભાગોમાં જતા રહેવાથી શ્રેષ્ઠ હોવા છતાંય પુરસ્કારથી વંચિત રહી જાય છે.

અકાદમી દર વર્ષે શ્રેષ્ઠ પુસ્તક પુરસ્કારમાં ભલે માત્ર ૧૧ હજાર, સાત હજાર અને પાંચ હજારની રકમ જ આપતી હોય પણ એની સાથે મળતું " સર્જક સન્માનપત્ર " બહું જ મૂલ્યવાન હોય છે. જે હવે આપવું બંધ થઈ ગયું છે. હવે માત્ર રકમ અને બજારમાં મળતો શિલ્ડ આપી દેવાય છે. વળી આ પુરસ્કારના કેટલાક નીતિ નિયમો છે. જેની સાચી જાણકારી હોવી જરૂરી છે. ગુજરાતી ઉપરાંત અન્ય ભાષાઓના પ્રકાશિત પુસ્તકોને અપાયેલા પુરસ્કારો જોવામાં આવશે તો એની સાહિત્યિક ગુણવત્તાના પણ અનેક પ્રશ્નો સામે આવશે. વળી સાહિત્યિક કાર્યક્રમો, સમારંભોની ગુણવત્તા જોયા વિના માત્ર ગ્રાંટ વાપરવાના લક્ષ્યથી થયા કાર્યો પણ ઘણી વખત ટીકાને પાત્ર બને છે. પ્રકાશન યોજનાઓમાં પણ ધીમે ધીમે ગુણવત્તા ઘટતી જોવા મળે છે. જે "શબ્દસૃષ્ટિ" એક સમયે ગુજરાતી ભાષાનું શિરમોર શુદ્ધ સાહિત્યિક સામયિક હતું. જેના સંપાદક શ્રી હર્ષદ ત્રિવેદી નામી સર્જકોની પણ નબળી રચનાઓને પરત કરી દેતા હતા એ "શબ્દસૃષ્ટિ" ની ગરિમા આજે ક્યાંય ખોવાઈ ગઈ છે. આ સામયિકના ટાઈટલ ઉપર અધ્યક્ષશ્રી અને માનનીય શ્રી નરેન્દ્ર મોદીજીની તસવીર જોઈને અનેક લોકોને આ સામયિક હવે સરકારી થતું અનુભવાયું છે. વળી નવોદિતને નામે નબળી રચનાઓને હરગીજ છાપી ના શકાય. પણ આવું બધું થતું રહે છે. સર્જકોની સાથે સાહિત્યની સમજ ધરાવનાર લોકો પણ હવે માને છે કે "ગૌરવ પુરસ્કાર"નું હવે ગૌરવ રહ્યું નથી. આધુનિક ગુજરાતી કથા સાહિત્યના ભીષ્મ કહી શકાય એવા "મધુ રાય " ને અકાદમીનો ગૌરવ પુરસ્કાર ના મળે અને એમની વાર્તાઓ, નવલકથાઓ વાંચી વાંચીને જે લખતા શીખ્યા હોય એમને ભલામણથી "ગૌરવ પુરસ્કાર" મળી જાય એનાથી અકાદમી અને સરકારનું ગૌરવ વધતું નથી પણ ઓછું થાય છે. પરંતુ આ વાત મંત્રી કે સરકારશ્રીને કોણ સમજાવે ? ગુજરાતી ગઝલકારોને

અનુસંધાન પાના નં. ૭ પર

ઈક હસીન આંખ કે ઈશારે પર, કાફિલે રાહ ભૂલ જાતે હૈ!

રઝળપાટ
અજય ઉપાધ્યાય

"આંખે ભી કમાલ કરતી હૈ, પર્સનલ સે સવાલ કરતી હૈ..... પલકો કો ઉઠાતી ભી નહીં, પરદો કા ખયાલ કરતી હૈ ":....હે શું વાત કરે ? આંખોલય સવાલ કરે ? અને એ પણ પાછા પર્સનલ ? કમ્માલ છે ને...! પણ આ સાચું નહીં પણ સોળ આના સાચું છે..! જી હા, આંખોની પણ એક ભાષા હોય છે....એનો પણ એક સંવાદ હોય છે...એનો પણ એક સવાલ હોય છે અને કઈ કેટલાય સવાલોનો એમાં મૂર્ધુતર પણ હોય છે, પણ હા શર્ત એટલી કે આંખોની એ ભાષા...આંખોના એ સવાલ-જવાબ જો ઉકેલી શકો તો....સમજી શકો તો.... ! નહિતર પછી થાય એવું કે ' મૈ ઉમ્રભર જિનકા ના કોઈ દે શકા જવાબ, વહ ઈક નજરમે ઈતને સવાલાત કર ગયે " ગણગણવું પડે. એમ કહેવાય છે કે આંખ એ મનનો અરીસો છે...ઈન્સાનના દિમાગમાં ચાલતા વિચારોનું પ્રતિબિંબ એની આંખોમાં અચૂક પડતું હોય છે. જો તમને આંખો કી ગુસ્તાખીયા ઉકેલતા આવડતી હોય તો સામેની વ્યક્તિ કેવી છે એનો બ્રીફ બાયોડેટા તમને એની આંખોમાં ઝાંખવાથી મળી શકે છે.

આમ તો હમણાં જ આવેલા એક સર્વે મુજબ ભારતમાં ૭.૯ કરોડ લોકો એવા છે જેમની નજર બોલે તો આંખે નબળી છે અને આ સંખ્યા છેલ્લા ૩૦ વર્ષમાં લગભગ બમણી થઈ ગઈ છે જેમને નેત્રહિન થવાનો ખતરો છે એટલું જ નહિં, નજીકનું જોવાની ક્ષમતા પણ ૧૩ કરોડથી વધુ ભારતીયોની આંખોમાં નથી બચી. લેકિન...કિન્તુ...પરંતુ આપણે આજે આ લેખને આવી ગંભીર નજરથી નથી જોવાનો પણ આંખની એક બીજી બાજુ પર પ્રકાશ થ્રો કરવાનો છે અને એ છે આંખ વિષે ફિલોસોફીકલ થયા વગરની વાતો. પ્રકાશ પરથી યાદ આવ્યું કે સાઉથની હિરોઈન પ્રિયા પ્રકાશનો આંખ મારતો સીન યાદ છે ને ? ગામ ગાંડું થયેલું ને આંખના એક જ ઉલાળે ? જો કે આંખની આ ' મારામારી ' મજાકથી પછી સિરિયસ નોટ બની ગયેલી એ અલગ વાત છે પણ ' આંખ મારે ઓ લડકી આંખ મારે ' છવાઈ ગયેલું સોશિયલ મીડિયાના બજારમાં!! જો કે એ પછીથી તો વડાપ્રધાન મોદીને ભેટીને આંખ મારતા રાહુલ ગાંધી પણ છવાઈ ગયેલા. ખેર આ મારામારીને અહી જ અટકાવીને જરા ' તુમ્હારી આંખોમે હમને દેખા ' વાળા એપિસોડ તરફ નજર માંડીએ..!!!

'આંખ હૈ ભરી ભરી ઔર તુમ મુસ્કુરાનેકી બાત કરતે હો ' ગુજરાતીમાં કહેવત છે ને કે ' કપાળમાં ફૂવો અને આંખોમાં તળાવ ' કઈક એવું જ ' ગમ કા ફસાના ' વખતે આંખોનું કામકાજ હોય છે. દુખ કે ગમના માહોલમાં આંખોમાં પાણી આવવા - કોઈ બહુ મક્કમ હોય તો ઝળઝળિયા આવવા એ આંખોની ખાસિયત છે અને જે આંખ ગમમાં ગુમસુમ દેખાતી હોય એ પાછી ખુશીના માહોલમાં ઝગારા મારતી પણ થઈ જાય. એ તો ઠીક છે પણ આ બંને સામા છેડાની પરિશ્થિતિઓમાં પણ આંખ કશું જ છુપાવે નહીં. જેવી એ પારદર્શક એવો જ પારદર્શક એનો વ્યવહાર...! ખાલી ગમ કે ખુશી જ શુ કામ ? આંખમાં તો ઈંતેજાર પણ દેખાઈ આવે ને આંખમાં તો ઉત્સાહ પણ દેખાઈ આવે. આંખમાં અણસાર દેખાય ને આંખમાં અવસાદ પણ દેખાય. આંખમાં આવકારો પણ આવે અને આંખમાં જાકારો પણ આવે. આંખ રોઈ પણ પડે ને આંખ હસી પણ પડે. આંખ છ્લ્કાઈ પણ અને આંખ સુકાઈ પણ..! બીકોઝ માનવીના શરીરમાં તેની આંખો સૌથી વધારે બોલકી ગણાય છે, અને એટ્લે જ આંખોમાં તમે તમારા ભા